<u>રે. દિ. મુ. નંબર :૨૭ /૨૦૨૪</u>

સત્યમેવ જયતે

રજુ તારીખ : ૧૬/૦૪/૨૦૨૪
દાખલ તારીખ : ૧૬/૦૪/૨૦૨૪
ફેસલ તારીખ : ૧૮/૦૮/૨૦૨૪
સમયગાળો : ૦૨ વર્ષ ૦૦ માસ ૦૨ દિવસ

## ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૨૭/૨૦૨૪
આંક –

વાદી : ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
હે.સરદાર પટેલ વિદ્યુત ભવન,
વડોદરા નીચે સ્થપાયેલી
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
બગવદર સબ ડિવિઝન, બગવદર,
તા.પોરબંદર, જી.પોરબંદર.

<u>વિરૂધ્ધ</u>

પ્રતિવાદી : ચનાભાઈ દેવાભાઈ હુણ
ઉવ.આ.૩૫, ધંધો.મજુરી,
રે.બસ સ્ટેન્ડની બાજુમાં,મુરૂ બીજલના ઘરની પાસે,
મુ.રાણપર, તા.ભાણવડ, જી.દેવભુમી–દવારકા

<u>દાવો : ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ,૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ વિજ ચોરીની બીલની રકમ વસુલાત અંગે</u>

........................................................................................................

વાદી તરફે વિ.વ.શ્રી : એમ.ટી.નાણાવટી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી : ગેરહાજર

........................................................................................................

## <u>જ જ મે ન્ટ</u>

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નીગમ લીમીટેડ તે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ હેઠળ સ્થપાયેલ સ્ટેચ્યુટરી બોડી છે અને ગુજરાત રાજયમાં વીજળી ઉત્પાદની તેમજ તેની વહેચણીએ તેમની મુખ્ય કામગીરી છે અને સદર કામગીરી કરવા માટેના નિયમો ઘડવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ નીચે બગવદર સબ

ડીવીઝનની કચેરી આવેલી છે. આ કામના પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી કોઈ કાયદેસર વીજ કનેશનની માંગણી કરેલી નથી કે વાદીએ પ્રતિવાદીને કોઈપણ પ્રકારનુ વીજ કનેકશન ફાળવેલ નથી કે આપેલ નથી આમ, આ કામના પ્રતિવાદી વાદીના નોન કન્ઝયુમર છે.

(૨) વાદી સંસ્થાના અધિકારી તા.૦૬/૦૧/૨૦૨૨ ના રોજ રાણપર મુકામે ચેકીંગમાં હોય તે દરમ્યાન પ્રતિવાદીના રહેણાંક મકાને વીજ ચેકીંગ કરતા પ્રતિવાદીને કાયદેસરનું વિજ જોડાણ ફાળવેલ ન હોવા છતા પ્રતિવાદીએ તેમના ઘરના પાછળના ભાગે આવેલ વિજ લાઈનના પોલ ઉપર બિન અધિકૃત પીળા કલરનો ટવીન કોર વાયર જોડી પોતાના ઘર સુધી લંબાવી ઘરના લોડ સાઈ સાથે બોર્ડ થ્રુ બિનઅધિકૃત જોડાણ કરી વિજ વપરાશ કરી વિજ ચોરી કરતા હતા તેમજ ચેકીંગ સમયે વિજ ઉપકરણો ચાલુ હતા. ત્યારબાદ વિજ જોડાણ દુર કરેલ અને ચેકીંગ સમયે વીજ લોડ ચેક કરતા ૨.૧૮૪ વોલ્ટ જણાયેલ ત્યારબાદ સીંગલ ફેઈઝ મીટર ચેકીંગ રિપોર્ટ, એનેક્ષર-૪ તથા સ્થળ પરનુ રોજકામ આકૃતી સાથે પ્રતિવાદીની હાજરીમાં તૈયાર કરવામાં આવેલ જેમાં પ્રતિવાદીએ સહી કરી આપેલ નહી. તેમજ તા.૦૬/૦૧/૨૦૨૨ ના રોજ રૂા.૩૮,૪૭૦-૨૩ પૈસાનું વીજ બીલ પ્રતિવાદીને મોકલી આપવામાં આવેલ હતુ જે મળી જવા છતા બીલની રકમ ભરેલ નહી તેમજ વકીલ મારફતે તા.૦૬/૦૮/૨૦૨૨ ના રોજ લીગલ નોટીસ આપવામાં આવેલ જે પણ બજી જવા છતા પ્રતિવાદીએ રકમ ભરપાઈ કરેલ નહી. જેથી દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૫ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થતા છતાં હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ આંક ૧ લગત એકતરફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આાધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO. | I S S U E |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, વાદીના અધિકારી તથા સ્ટાફ તા.૦૬/૦૧/૨૦૨૨ ના રોજ બવગદર સબ ડીવીઝન હેઠળના રાણપર મુકામે પ્રતિવાદીના રહેણાંક મકાને વીજ ચેકીંગ કરતા પ્રતિવાદીને કાયદેસરનુ વીજ જોડાણ ફાળવેલ ન હોવા છતા પ્રતિવાદીએ તેમના ઘરની પાછળના ભાગે આવેલ વીજ લાઈનના પોલ ઉપર |

| | |
|---|---|
| | બીન અધિકૃત પીળા કલરનો ટવીન કોર વાયર જોડી પોતાના ઘર સુધી લંબાવી લોડ સાઈડ સાથે બોર્ડ થ્રુ બીન અધિકૃત જોડાણ કરી વીજ વપરાશ કરી વીજ ચોરી કરતા હતા ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી અનઅધિકૃત રીતે ૨.૧૮૪ વોલ્ટ વીજળી વાપરતા પકડાયેલ હતા ? |
| 3. | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કપંની દવારા ગણતરી કરી રૂ.૩૮,૪૭૦−૨૩ પૈસાનુ બીલ પ્રતિવાદીને આપેલ હતુ ? જે બીલ ભરવામાં આ કામના પ્રતિવાદીએ કસુર કરેલી છે ? |
| 4. | શું વાદી તેઓના દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 5. | શું વાદી તેઓની દાવા અરજીના પેરા નં.૫ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 6. | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી તથા લેખિત જવાબ સાથે ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | હકારમાં |
| 4 | અંશતઃ હકારમાં ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 5. | અંશતઃ હકારમા |
| 6. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| અ.નં. | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ નાયબ ઈજનેર નિરવકુમાર હમીરભાઈ વીસાણાનું સોગંદનામું | ૧૧ |

| | | |
|---|---|---|
| ૨. | વાદી દવારા પ્રતિવાદીનુ તૈયાર કરેલ લેઝર એકાઉન્ટ | ૧૩ |
| ૩. | વાદી કંપની દવારા તૈયાર કરેલ સીંગલ ફેઈઝ મીટર ચેકીંગ રિપોર્ટ | ૧૪ |
| ૪. | વાદી કંપની દવારા તૈયાર કરેલ એનેક્ષર–૪ | ૧૫ |
| ૫. | વાદી કંપની દવારા તૈયાર કરેલ સ્થળ રોજકામ | ૧૬ |
| ૬. | વાદી કંપની દવારા તૈયાર કરેલ કેલ્ક્યુલેશન શીટ | ૧૭ |
| ૭. | વાદી કંપની દવારા પ્રતિવાદીને મોકલેલ પાવર ચોરીની બીલની નોટીસ | ૧૮ |
| ૮. | પ્રતિવાદીને મોકલેલ પાવર ચોરીનુ વિજ બીલ | ૧૯ |
| ૯. | પ્રતિવાદીને કરેલ લીગલ નોટીસ | ૨૦ |
| ૧૦. | પ્રતિવાદી વિરૂધ્ધ દાખલ કરેલ ફોજદારી ફરીયાદ | ૨૧ |
| ૧૧. | વાદીએ તૈયાર કરેલ સેંકશન મેમો | ૨૨ |
| ૧૨. | પ્રફોર્મા–૧૨ | ૨૩ |
| ૧૩. | વાદી સાહેદ નાયબ ઈજનેર જેનીશભાઈ ભરતભાઈ ઉનડકટનું સોગંદનામુ | ૨૫ |

બાદ આ કામે આંક : ૨૬ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી હાજર ન હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૬ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

## :: કા ર ણો ( મુદદા નંબર : ૧ થી ૬ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદી પક્ષની રહે છે. આ કામે વાદી પક્ષે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. આ કામે આંક–૧૧ થી વાદી સાહેદ દવારા સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનું સોગંદનામું રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે તેમજ

આંક–૨૫ ના સાહેદ ધ્વારા દાવાની હકીકતને સમર્થન આપેલ છે અને આ કામના પ્રતિવાદીએ ચોરી કરેલ હોય, તેવી હકીકતને સમર્થન કરેલ છે. તેમજ આંક–૨૫ વાળા સાહેદ ખુદ જ ચોરી પકડનાર હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવવામાં આવેલ છે. તેમણે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો રજુ રાખેલ છે, તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકીકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોય, વીજ ચોરી અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી પક્ષની તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ નીકળતી રકમ રૂ.૪૮,૯૩૦–૨૯ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. જયારે આ કામે આંક–૧૯ થી રજુ રાખવામાં આવેલ બીલ ધ્યાને લેવામાં આવે તો તેમાં બિલની રકમ રૂ.૩૮,૪૭૦–૨૩ પૈસા જણાવવામાં આવેલ છે તેમજ આંક–૧૮ વાળો પત્ર ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ બીલની રકમ રૂ.૩૮,૪૭૦–૨૩ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂ.૩૮,૪૭૦–૨૩ પૈસા જ માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદદા નંબર : ૧,૨,૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004 (10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between

the parties. આમ, ઉપરોકત સંજોગો ધ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ધ્યાને લેતા વાદી સંસ્થા ધ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સં જોગોમાં મુદદા નંબર : ૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદદા નંબર : ૬ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>:: હુ ક મ ::</u>

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૩૮,૪૭૦–૨૩ પૈસા (અંકે રૂપિયા આડત્રીસ હજાર ચારસો સીતેર અને ત્રેવીસ પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૧૮ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૧૮–૦૪–૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮